# ગાંધીનગર તાલુકા પંચાયતનું બજેટ સર્વાનુમતે મંજૂર

# ભાજપના આગેવાનોની અણઆવડત છતી થતાં મહિલા કાર્યકરો નારાજ

## ખાવાનુ પણ ખુટ્યુ તો વિધાનસભા ગૃહની કાર્યવાહી પણ ન જોઈ શકતાં મહિલા કાર્યકરો ભારે નારાજ બની

ગાંધીનગર, તા. ૨૪

વિધાનસભા ગૃહ જોવા અને મહુડીના પ્રવાસે લઈ જવા સાથે આજે શહેર અને જિલ્લામાંથી આવેલ મહિલા કાર્યકર્તાઓને વિધાનસભાની કાર્યવાહી પણ જોવા ના મળી અને ખાવાનું ખૂટી પડતાં મહિલાઓમાં સપ્ત નારાજગી પ્રસરી જવા પામી છે.

આજે આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો અને ભાજપની નેતાગીરીને કોઈપણ પ્રકારની મેનેજમેન્ટના અભાવે મહિલા નારાજગીનો સામનો કરવાનો પ્રસંગ ઉભો થવા પામ્યો છે.

એક-બે પૂર્વ મહિલા કોર્પોરેટરો અને અન્ય આગેવાનોએ તેમની સાથે આવેલ મહિલાઓને પોતાના ખર્ચે હોટલોમાં ભોજન કરાવવા લઈ જવાની ફરજ પડી હતી તેવી વાતો પણ બહાર આવવા પામી છે.

સવારે ૮.૩૦ વાગે નિયત સ્થાનો પર બસો આવી જશે તેવી સૂચનાઓ આયોજકો તરફથી અપાઈ હતી પરંતુ ૧૦.૩૦ સુધી પુરતી બસો પહોંચી નહિ અને મહિલાઓ ત્રાહિમામ પોકારી ઉઠી હતી.

દસ વાગે મહિલાઓ વિધાનસભા પહોંચી ત્યારે વિરામનો સમય થતો હોવાથી મહિલાઓને પોડિયમમાં બેસવાની સૂચના અપાઈ. આ વખતે પણ પોડિયમમાં મુખ્યમંત્રીનું ટુંકુ સંબોધન પૂર્ણ થયા પીં મહિલાઓને વિધાનસભામાં લઈ જવા માટેના આયોજનનો પણ અભાવ સામે આવ્યો હતો.

મહિલાઓ ઉપર ત્રીજા માળે પહોંચી અને નાણાં વિભાગની માંગણીઓ પરની ચર્ચા હોવાથી ગિલોટીનને કારણે એક કલાક વહેલુ કામકાજ સંપન્ન થતાં મહિલાઓ હાઉસની કામગીરી જોવાથી પણ વંચિત રહી હતી.

માણસા-કલોલ અને દહેગામની મહિલા કાર્યકરોએ તો આજનુ દાઢિયુ ગુમાવ્યુ અને કંઈ જોયુ નહિ તેનો અફસોસ ખુલ્લેઆમ વ્યક્ત કરતા સંભળાયા હતા. સવારે સેક્ટરોમાં બસો સમયસર પહોંચી નહિ અને આ પછી બ્રહ્મભવન ખાતે જમવા માટે કરાયેલી વ્યવસ્થામાં એકજ કાઉન્ટર રખાયુ હોવાથી ભૂખી થયેલી મહિલાઓએ હલ્લાબોલ કર્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર



આઝાદી સંમેલન - આમ આદમી પાર્ટીના કાર્યકરોની જાહેરસભા રવિવારે સેક્ટર-૬ના ગ્રાઉન્ડમાં યોજાનાર છે... અરવિંદ કેજરીવાલ અને કુમાર વિશ્વાસની ઉપસ્થિતિમાં યોજાનાર સંમેલનમાં રાજ્યભરના કાર્યકરો ઉમટી પડશે એમ સ્થાનિક સૂત્રો માની રહ્યા છે... સંમેલન માટે તડામાર તૈયારીઓ આરંભાઈ છે...

## શહેરમાં કેજરીવાલની સભાને મંજૂરી મળી

# કરાર આધારીત કર્મચારીઓ આખરે કેજરીવાલના શરણે

**આમ આદમી પાર્ટી દ્વારા રવિવારે સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે આઝાદી સભામાં હજારોની સંખ્યામાં કાર્યકરો જોડાશે તેવા ઈનપુટ : કેજરીવાલ અને કુમાર વિશ્વાસ સભા સંબોધશે : રેન્જમાંથી પોલીસ બંદોબસ્ત માટે ગોઠવાશે : કરાર આધારીત કર્મીઓ કેજરીવાલનો આવેદન આપશે**

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ આમ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાનો વ્યાપ વધારવા અને સંગઠન મજબુત બનાવવા ગતિશીલ બન્યુ છે. ગામડે-ગામડે આમ આદમી પાર્ટીની સરકારે દિલ્હીમાં શુ-શુ મહત્વના પ્રજાલક્ષી નિર્ણયો લીધા તેની જાહેરાતો કરી પ્રજા સુધી પહોંચી રહ્યુ છે. રવિવારે ૨૬ માર્ચે સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે અરવિંદ કેજરીવાલની મહાસભા યોજાનાર છે જે તે તંત્ર દ્વારા મંજુરી અપાઈ ગઈ છે. આ કાર્યક્રમમાં હજારો કાર્યકરો જોડાશે તેવા ઈનપુટ પણ મળ્યા છે. મહત્વની બાબત એ છે કે આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ફીક્સ અને કરાર આધારીત કાર્યરત કર્મચારીઓ પણ હાજરી આપનાર છે અને જે વાત ગુજરાત સરકાર નથી સાંભળતી તે પ્રશ્નો અંગે કર્મચારીઓ અરવિંદ કેજરીવાલને આવેદનપત્ર આપી પોતાના પ્રશ્નો અંગે ચર્ચા કરશે. આ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર રેન્જના પોલીસ કર્મચારીઓને બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવશે. નોંધનીય બાબત છે કે આમ આદમી પાર્ટીની ચૂંટણીલક્ષી પ્રથમ સભા ગાંધીનગરમાં યોજાનાર છે અને તેમાં અરવિંદ કેજરીવાલ ઉપરાંત કુમાર વિશ્વાસ તથા દિલ્હીના આપના મંત્રી સહીત આગેવાનો આવનાર છે. આમ આદમી પાર્ટી દ્વારા કાર્યક્રમની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં કાર્યકરો જોડાશે તેવા આઈબીના ઈનપુટ હોવાથી સરકારની આ કાર્યક્રમ પર સીધી નજર છે.

# જિલ્લામાં મોયેલા ઘઉં થી લકવાની અસરનો મામલો ગૃહમાં ચમક્યો

ગાંધીનગર જિલ્લામાં મોયેલા ઘઉં થી લકવાની અસરના કેસ ધ્યાને આવ્યા હતા જયારે આ મામલે ભેળસેળના મામલે વેપારીઓ સામે તપાસ કરી શું પગલા લેવાયા ? દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે પુછેલા આ પ્રશ્નના જવાબમાં આરોગ્યમંત્રીએ જવાબમાં જણાંવ્યા મુજબ આ મામલે બે વર્ષમાં ૨૧ પેઢીઓની તપાસ કરવામાં આવી છે. જયારે દિવેલના ચાર નમુના લેવાયા હતા. જે નમુનાઓ પ્રમાણિત જાહેર થયા છે. જયારે ભેળસેળવાળા દિવેલનુ બજારમાં વેચાણ ન થાય તે માટે સરકાર દ્વારા આ સમયગાળા દરમિયાન શુ પગલા લેવાયા છે તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે આ અંગે જનજાગૃતિ સંદેશો ફેલાવવા માટે ૪૦ હજાર પેમ્ફલેટનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

મારફતે જરૂરી સર્વેલન્સ તેમજ સઘન સારવાર પુરી પાડવામાં આવી હતી. જયારે રેપીડ સર્વે રાઉન્ડ દ્વારા ૪૭૧૨૩ જેટલા ઘરોની મુલાકાત લઈ શંકાસ્પદ દર્દીઓ શોધી કાઢી સારવાર પુરી પાડવામાં આવી હતી. જયારે આ પ્રકારના અન્ય કેસો ન બને તે માટે જરૂરી આરોગ્ય શિક્ષણ પુરુ પાડવામાં આવ્યુ હતુ.

**જિલ્લાના ૯૯૬૪ વેપારીઓની વેટ હેઠળ નોંધણી**

ગાંધીનગર જિલ્લામાં કેટલા વેપારીઓ વેટ હેઠળ નોંધાયેલા છે ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં નાણાંમંત્રીએ જણાંવ્યા મુજબ જિલ્લામાંથી ૯૯૬૪ વેપારીઓ વેટ હેઠળ નોંધાયેલા છે. જયારે છેલ્લા એક વર્ષમાં વેટના નવા નોંધાયેલા વેપારીઓની સંખ્યા ૧૦૮૧ છે.

**નગરપાલિકા વિસ્તારમાં જાહેર શૌચાલયોના સમારકામના નામે મીંડુ**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલા જાહેર શૌચાલયોના સમારકામ તેમજ નવિનીકરણ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો કલોલના બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રીએ જણાંવ્યા મુજબ જિલ્લામાં બે વર્ષ દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં શૌચાલયના નવિનીકરણ પાછળ બે વર્ષમાં માત્ર માણસા તાલુકાના વિસ્તારમાં ૧.૯૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે દહેગામ ,પેથાપુર અને કલોલ નગરપાલિકા વિસ્તારમાં શૌચાલય અને તેના નવીનીકરણ પાછળ કોઈ ખર્ચ કરાયો નથી.

**શનિ-રવિ ગૃહ બંધ રહેવાનું હોવાથી શુક્રવારે સવારની બેઠક હતી**

મત વિસ્તારમાં જવાની ઉતાવળને પગલે ધારાસભ્યો પ્રશ્નોત્તરી બાદ દોડધામમાં હતા. જોકે ૫૦ ટકાથી વધુ ધારાસભ્યો તો પ્રશ્નોત્તરી બાદ વતન જવા નીકળી જાય છે. આજે શહેર-જીલ્લાના મહિલા કાર્યકરોને મુખ્યમંત્રીએ પરિસરમાં સંબોધન કર્યું હતું.

# જીવવિજ્ઞાનનુ પેપર સરળ પરંતુ પુરા ગુણ મેળવવા મુશ્કેલ

## જિલ્લામાંથી ૨૩૪૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી : ૮૪ ગેરહાજર રહયા

ગાંધીનગર તા ૨૪

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે વિદ્યાર્થીઓ જીવવિજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી. બાયોલોજીનુ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ માટે સરળ રહયુ હતુ. પરંતુ બે એમ સી ક્યુ ટવિસ્ટ કરીને પુછાતા આ વિષયમાં પુરા ગુણ મેળવવાનુ પરીક્ષાર્થીઓ માટે અઘરુ પુરવાર થયુ હતુ. જિલ્લામાંથી ૨૩૪૭ વિદ્યાર્થીઓએ જીવવિજ્ઞાન વિષયની કસોટી આપી હતી. જયારે ૮૪ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

ધોરણ -૧૦ ના અંગ્રેજીના પેપરની જેમ બાયોલોજીનુ પેપર પણ ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ. સરગાસણ સ્થિત વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિષય નિષ્ણાંત મોલિન ત્રિવેદીના જણાંવ્યા મુજબ સામાન્ય રીતે જીવવિજ્ઞાનમાં આકૃતિના પ્રશ્નો વિદ્યાર્થીઓ માટે મુંઝવણ ઉભી કરતા હોય છે. પરંતુ જીવવિજ્ઞાનના આ પ્રશ્નપત્રમાં આકૃતિના પ્રશ્નો પણ સરળ પુછાયા હતા. જયારે થિયરીના બે પ્રશ્નો પરીક્ષાર્થીઓને થોડા અઘરા લાગ્યા હતા. આ ઉપરાંત બે એમ સી ક્યુ ટવિસ્ટ કરીને પુછાતા વિદ્યાર્થીઓ સરળ પેપરમાં પણ મુંઝાયા હતા. જો કે જીવવિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ રહયુ હતુ. જયારે પાઠયપુસ્તક આધારિક આ પ્રશ્નપેપરમાં હોંશિયાર વિદ્યાર્થીઓ માટે પણ ૧૦૦ ગુણ મેળવવાનુ અઘરુ બન્યુ હતુ

# ગાંધીનગર તાલુકા પંચાયતનું બજેટ સર્વાનુમતે મંજૂર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકા પંચાયતનું રૂ. ૪૬ કરોડથી વધુની પુરાંત ધરાવતુ બજેટ સર્વસંમતિથી આજે પસાર કરવામાં આવ્યું હતું.

તાલુકા પંચાયત પ્રમુખ કાલુસિંહ રાઠોડના અધ્યક્ષપદે મળેલી આજની આ બેઠકમાં તાલુકાના સર્વાંગી વિકાસને અંદાજપત્રમાં અગ્રતા આપવામાં આવી હોવાનો દાવો પ્રમુખે કર્યો હતો.

તાલુકામાં કૃષિ, પશુપાલન, આરોગ્ય અને શિક્ષણ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હોવાનું કહી તેમણે બજેટને સર્વાનુમતે પસાર કરવા સભ્યોને વિનંતી કરી હતી.

સભ્યોએ પણ સામે એવો જ ઉમળકો બતાવી અને વિના વિરોધે બજેટ પર વિસ્તૃત ચર્ચા કર્યા વિના જ બહાલ રાખી દીધુ હતુ.

બેઠકને અંતે તાલુકા પંચાયત પ્રમુખ કાલુસિંહે જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારના સામાન્ય માનવીને નજર સમક્ષ રાખી અમે આજે અંદાજપત્ર રજુ કર્યુ છે. અમે તાલુકા પંચાયતની આવકમાં વધારો થાય તે માટે સહિયારો પ્રયાસ કરીશુ. વિકાસ એ તાલુકા પંચાયતની અગ્રતા છે.

# પતિદેવોને સામાન્ય સભા છોડી જવા ટીડીઓના વલણ સામે સભ્યો સહિત સૌ બગડ્યા...

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં આજે તાલુકા વિકાસ અધિકારી દ્વારા મહિલા સદસ્યોના પતિઓને બહાર જવા જણાવતાં સામાન્ય સભા તોફાની બની હતી.

**બે વખત સભાત્યાગ કરાયો અને પ્રમુખને પણ ટીડીઓ સાથે શાબ્દીક ટપાટપી થઈ ગઈ**

તાલકા પંચાયતમાં ઘણી બધી મહિલા સભ્યો અભણ હોવાની રજુઆત પણ કરવામાં આવી હતી તેમજ વિકાસના કામો અંગે તેમને ગેરમાર્ગે દોરવામાં ન આવે તેની કાળજી લેવા માટે પતિદેવો હાજર રહ્યા હોવાની રજુઆત પણ કરાઈ હતી.

બે વખત તાલુકા વિકાસ અધિકારીના આ અંગેના કડક વલણ સામે સભ્યોમાં પણ રોષ વ્યાપી જવા પામ્યો હતો. એક તબક્કે તાલુકા વિકાસ અધિકારી સામે પ્રસ્તાવ પસાર કરવાની પણ તૈયારી કરાઈ હતી પરંતુ પછી સમયસરની આગેવાનોની દરમ્યાનગીરીથી મામલો થાળે પડ્યો હતો.

તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયતના પ્રમુખ વચ્ચે પણ સારી એવી શાબ્દીક ટપાટપી થઈ હતી. જો કે એજન્ડા પરની કાર્યવાહી ફટાફટ પતાવી સભા પૂર્ણ થયાની જાહેરાત કરાઈ હતી.

એક તબક્કે તાલુકા વિકાસ અધિકારીએ સામાન્ય સભામાં પતિદેવોની હાજરીને લઈ પોલીસ બોલાવવાની વાત કરતાં મામલો વધુ બિચક્યો હતો. જો કે આ પછી તાલુકા પંચાયત પ્રમુખશ્રીએ સભાનું સંચાલન તેઓ કરી રહ્યા છે અને તમારો અધિકાર આવી વાત કરવાનો નથી તમે માત્ર સચિવ છો એ ધ્યાને રાખો એમ કહી તાલુકા વિકાસ અધિકારી સામે ગુસ્સે પણ થયા હતા.

# અંગ્રેજીના પેપરમાં અવાજનુ પ્રદુષણ અને મારુ રાજ્ય ગુજરાત અંગે નિબંધ પુછાયો

## અંગ્રેજીનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશ : જિલ્લામાંથી ૨૬૨૩૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી : ૪૬૫ ની હાજરી ઘટી

ગાંધીનગર તા ૨૪

ધોરણ -૧૦ માં અંગ્રેજીનુ પેપર સરળ અને પુસ્તક આધારિત નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. અંગ્રેજીના પ્રશ્નપત્રમાં ઘોંઘાટનુ પ્રદુષણ અને મારુ રાજય ગુજરાત વિષય અંગે નિબંધ પુછાયો હતો. જિલ્લામાંથી ૨૬૨૩૩ વિદ્યાર્થીઓએ અંગ્રેજીની પરીક્ષા આપી હતી. જયારે ૪૬૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા.

ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓએ આજે અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતી. જિલ્લામાં પરીક્ષા માટે નોંધાયેલા ૨૬૬૯૮ પૈકી ૪૬૫ વિદ્યાર્થીઓ ગેરહાજર

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અમારા પ.પૂ.માતૃશ્રી ગં.સ્વ. **કાશીબેન મગનભાઈ પટેલ (વાવોલ)** તા.૨૧-૩-૧૭ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૬-૩-૧૭ને રવિવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :- રંગમંચ, પંચદેવ મંદિરની બાજુમાં, સેક્ટર-૨૨, ગાંધીનગર**

લિ.
રજનીકાંત મગનભાઈ પટેલ — શૈલજા રજનીકાંત પટેલ
દિપકભાઈ મગનભાઈ પટેલ — લતા દિપકભાઈ પટેલ
કિશોરભાઈ બાબરભાઈ પટેલ — જાનકી કિશોરભાઈ પટેલ
કૃણાલ દિપકભાઈ પટેલ — ઈશા કૃણાલ પટેલ
મીલીન્દ કિશોરભાઈ પટેલ — જહાનવી મીલીન્દ પટેલ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૦૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com